

**ડૉ. દિપકભાઇ ગોસાઇ**
મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના વડા,
શ્રી સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ભરૂચ.

## શુભેચ્છા સંદેશ

નારાયણ વિદ્યાલય, ભરૂચ તા. ૮/૧૧/૨૦૨૬ ના રોજ પ્રોજેકટ પ્રેઝન્ટેશન – ભાગ ૨ (શાળા વિદ્યાર્થી પ્રોજેકટ કાર્યક્રમ)નું આયોજન કર્યું હતું. આ શૈક્ષણિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત થવાનો મને વિશેષ આનંદ થયો હતો.

વિદ્યાર્થીઓને તેમની નવીન વિચારધારાઓ રજૂ કરવા તેમજ પ્રોજેકટ પ્રેઝન્ટેશન કૌશલ્ય વિકસાવવા માટે ઉત્તમ મંચ પૂરું પાડવા બદલ હું શાળાના માનનીય પ્રિન્સિપાલશ્રી,સમર્પિત શિક્ષક મંડળ અને ટ્રસ્ટી ડિરેકટરશ્રી ડૉ.ભગુભાઇ પ્રજાપતિ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું. આવા કાર્યક્રમો યુવા મનને ઘડવામાં અને અનુભવ આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવે છે.

મને દૃઢ વિશ્વાસ છે કે આ પ્રવૃત્તિ દ્વારા ભાગ લેનારા વિદ્યાર્થીઓને અનેક લાભો પ્રાપ્ત થયા છે, જેમ કેઃ અસરકારક સંવાદ કૌશલ્યનો વિકાસ, સમીક્ષાત્મક અને તર્કશકિતનો વિકાસ, પ્રેઝન્ટેશન તથા જાહેર વકતૃત્વ કૌશલ્યમાં સુધારો, જ્ઞાન વહેંચણી અને સહયોગી અભ્યાસ, શિસ્ત અને શૈક્ષણિક મૂલ્યોનો વિકાસ,સમય વ્યવસ્થાપન કૌશલ્યમાં વધારો, ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાનો યોગ્ય તથા જવાબદાર ઉપયોગ, PPT, કમ્પ્યૂટર અને મોબાઇલ ટેકનોલોજી જેવા આધુનિક શૈક્ષણિક સાધનોનો પરિચય.

આવા પ્રોજેકટ આધારિત શૈક્ષણિક કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં વાસ્તવિક જીવનની સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા વિકસાવવામાં મદદરૂપ થાય છે, જે તેમના ભવિષ્યના વ્યવસાય માટે અનિવાર્ય છે અને રાષ્ટ્ર તથા સમાજના સર્વાંગી વિકાસમાં સકારાત્મક યોગદાન આપે છે.

**પ્રો. ડૉ.દિપકકુમાર ગોસાઇ**
મેકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના વડા,
શ્રી સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ભરૂચ.

---

**અનેરી શાહ** (ભૂતપૂર્વ વિદ્યાર્થીની)
**Business Associate, Cryoviva,**
**Life Sciences Pvt. Ltd.**

પ્રતિ,
ડાયરેકટરશ્રી,
નારાયણ વિદ્યાલય,ભરૂચ.

હું અનેરી શાહ તા. ૮/૦૧/૨૬નાં રોજ નારાયણ વિદ્યાલય ભરૂચ દ્વારા યોજાયેલ પ્રોજેકટ પ્રદર્શન ભાગ-૨, જેમાં વિવિધ વિષયોમાં શાળાનાં ધો. ૬ થી ૯ અને ૧૧ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ,ગુ.મા.,અં.મા.) નાં કુલ ૭૭૦ પ્રયોગો, મોડેલ્સ પ્રોજેકટનાં ભવ્ય પ્રદર્શનમાં અન્ય મુખ્ય મહેમાનો સાથે ઉપસ્થિત રહી હતી. દિપ પ્રાગટ્ય અને પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. જુદા જુદા ધોરણ, માધ્યમ મુજબ સુંદર આયોજન દ્વારા ઉત્સાહપૂર્ણ વાતાવરણ ઊભું કરાયું હતું. વિજ્ઞાન, ગણિત, સમાજશાસ્ત્ર, ચિત્ર તથા SPC વિભાગ અને વિદ્યાર્થીઓનાં સંયુકત પ્રસાર "ઓપરેશન સિંદૂર"નું તાદૃશ્ય રોલ-પ્લે પણ ઘણુ સુંદર હતું. માર્ગદર્શક શિક્ષકોએ તથા નિર્ણાયક તરીકે નિમાયેલાં કોલેજનાં વિદ્યાર્થીઓની સખત મહેનત રંગ લાવી હતી.

બાળકો સાથે મે મારો બાળવૈજ્ઞાનિક તરીકેનો NCSC નો અનુભવ શેર કર્યો હતો.આ શાળામાંથી મળતી અમૂલ્ય તકો વિદ્યાર્થીઓનાં સુંદર ભવિષ્ય માટે સહાયક બને છે. જુદા જુદા નિષ્ણાંતોનાં અનુભવનો લાભ વારંવાર શાળા દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. જે સરાહનીય છે. શાળાનાં ડાયરેકટર શ્રીભગુભાઇ સાહેબનાં Innovative વિચારો અને કાર્યદક્ષતાનો લાભ વારંવાર શિક્ષકોને પણ મળતો રહે છે જે સત્ય છે. વંદનીય છે. મારો પાયો પણ આ શાળાએ જ મજબૂત કર્યો છે. જેથી આજે હું સ્ટેમસેલ રીલેટેડ મલ્ટીનેશનલ કંપનીમાં બિઝનેસ એસોસીએટ્સ તરીકે ૬ વર્ષથી કામ કરી રહી છું અને પ્રગતિનાં સોપાન પાર કરી રહી છું.મારુ ક્ષેત્ર સમાજ માટે નવું છે. પરંતુ અત્યંત ઉપયોગી છે.અસાધ્ય બિમારીઓ, એકસીડેન્ટલ ડેમેજ વગેરેમાં સ્ટેમસેલ ઘણાં ઉપયોગી છે. જે માટે હું આ શાળામાં વધુ વિગતે વાત સમજાવવા જરૂર હશે ત્યારે આવવાની ખાત્રી આપી વિરમુ છું.

**અનેરી શાહ** (ભૂતપૂર્વ વિદ્યાર્થીની)